## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તેની તસ્વીર જોઈ હરેક રાત વિતાવી છે,
સ્મિત રાખી વદન પર ચીંખને દબાવી છે.
એ તો એક પ્રેમી જ કરી શકે આ જગમાં,
ચાલતા શરીરે, શ્વાસની લાસ ઉઠાવી છે.
કથા, કહાની, કિસ્સા, વ્યથા, વેદના શુ?
આ એ તત્વો છે જેને કવિતા લખાવી છે.

- મનોજ સંતોકી માનસ

### પાથેય

- રમેશ ઠક્કર

## સર્જકની શોધ....

અભિનિવેશ એ સર્જકનો સહજ ભાવ હોય છે.જે છલકાઇ શકતો નથી એના માટે લેખક થવું મુશ્કેલ હોય છે.જેમ કોઇ ખેતરની ખેડ અલગઅલગ હોય એમ જ દરેક લેખનની નોખી નોખી છાપ ઉપસે છે.એ રીતે એનું ભાવજગત ઉઘડતું રહે છે..અને રચાઈ જાય છે એક અનોખું ભાવવિશ્વ.ખેતરના લ્હેરાતા મોલ જેવા સર્જકના ઝીલાતા બોલ હોય છે..કેટલાક લેખકોનાં અવતરણો કે વાક્યો કે આખેઆખા ગદ્યખંડો લોકોમાં સહજ રીતે જાણીતાં બની જાય છે..એવા પણ સર્જકો છે જેમની કાવ્યપંક્તિઓ કહેવતો કે મહાવરાઓ જેવી બની જાય છે..લેખક જયારે આ રીતે જનમાનસમાં સ્થાન બનાવે છે ત્યારે એ સાચો સર્જક ગણાતો હોય છે..જે શબ્દ વાંચ્યા પછી તુરત પસ્તી જેવો બની જાય એનો કોઇ અર્થ નથી..

આપણું સદભાગ્ય છે કે ગુજરાતી ભાષામાં આવા લેખકો પણ છે... એમની નવલકથાઓ કે વાર્તાઓ કે એમનું સર્જન સહજ બનીને લોકોમાં છવાઇ જાય છે..એક જમાનો હતો જ્યારે ક.મા.મુનશી ગુજરાતી કથાગગનમાં આ રીતે વિહરી રહયા હતા..એમની ઐતિહાસિક કથાઓ વાચકો માટે એક વૈભવ બની ગઈ હતી..મુનશીની આત્મકથા એટલી જ રોમાંચક છે.. લેખકનું ભાવજગત અને પોતીકું અંગત વિશ્વ આ બંને અલગ હોય છે..બંને વચ્ચે સંતુલન સાધી વાચકોને પરિતૃપ્ત કરતો લેખક લોકો માટે કુતુહલ બની જાય છે..ક.મા.મુનશી પોતાની વાત કરે છે એ કેટલી રસપ્રદ છે.આવો માણીએ. 'ગુજરાતની અસ્મિતાનો હું ધ્વજધારી બન્યો હતો..પણ જીવનનો એક મહાવિગ્રહ પુરો થયે નવા કોઠા આગળ હું આવીને ઉભો..ગુજરાતની અસ્મિતા શાથી થઈ ? કેમ સુદ્રઢ બને ? કઇ એની દિશા? શું એનું ધ્યેય? ભારતના ભૂતકાળનું દર્શન કરતાં હું કોઇ દેવને પૂછે તેમ પૂછી રહયો..ભારત કેમ હજારો વર્ષ ટકયું? એની સંસ્કૃતિનાં રહસ્યો શું? એના સાતત્યનું કારણ શું ? ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો શાં ?ને બધાં મૂલ્યોનું અંતિમ મૂલ્ય શું ? સરસતા અને માનવતા એક કે જુદાં, અને જુદાં તો તેનો સંબંધ શો ? આ પ્રશ્નોનો જવાબ હું પુસ્તકો વાંચી નહોતો શોધતો.તત્વજ્ઞાની થવાની મારામાં શકિત નહોતી.હું ખૂબ વાંચતો, પણ પૂજારી ફૂલનો ઉપયોગ કરે એમ આ વાંચવાનો ઉપયોગ કરતો.

હું તો ભૂત ને વર્તમાન જીવનની મૂક મૂર્તિ સામે ઉભો રહી મારા સવાલોનો સર્જનાત્મક ઉત્તર માગ્યા કરતો. મૂર્તિ મારા સ્વાનુભવથી ઉત્તરના પડઘા પાડતી અને તેને હું શબ્દોમાં વણતો..ભારત માતાનો તલસાટ : દુર્ઘર્ષ માનવતા. એની સ્વતંત્રતાનો માર્ગ:શકિત જીવનની સાર્થકતા : ઉલ્લાસ : એ ઉલ્લાસનું મુળ:સરસતાનો સ્વાનુભવઃ એ અનુભવ થાય બુધ્ધિ, દ્રષ્ટિ, ને પ્રણાલિકાના પાશ છેદાય ત્યારે... એ પાશ કેમ છેદાય ? 'બલમસ્તુ તેજ' વેદકાળમાંથી ઉત્તર મળ્યો.'પ્રચંડ વ્યકિતત્વ' વિના આ ન થાય... પ્રચંડ વ્યકિતત્વનો માર્ગઃ આર્યત્વ.આમ પ્રાચીન પ્રણાલીનો વિધ્વંસક હું પ્રાચીન આર્યત્વની શોધમાં સનાતન સત્ય જોવાનો પ્રયત્ન કરી રહયો...' મુનશી જેવા સર્જકોની કેફિયત પણ એમની કથાઓ જેટલી જ દિલચસ્પ બની જતી હોય છે.

# ધાર્મિક ઉન્માદવાળા ટોળા પર અંકુશ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાકાળમાં અનિવાર્ય કારણોસર દેશમાં સ્થગિત થઈ ગયેલા પ્રચારવીર વડાપ્રધાન યુરોપના પ્રવાસે નીકળ્યા છે અને જયાં જાય છે ત્યાં ભારતીય સમુદાય એમના દીદાર કરવા ટોળે વળે છે. નેતાઓને ટોળાં ગમતાં હોય છે. અપવાદરૂપે એકાદ ડૉ. મનમોહનસિંહ નીકળી આવે, પણ પાછો પ્રશ્ન થાય કે એ વળી નેતા જ કયાં હતાં ? નેતા તરીકે ભારતીય લોકશાહીમાં સૌથી પ્રભાવક જે થોડાં નામ ઊપસી આવે એમાં કોંગ્રેસના પંડિત જવાહરલાલ નહેરુ અને ઈંદિરા ગાંધી તથા ભાજપના અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદી મોખરે હોય. રાજકારણ એ ટોળાંને સાચવવાની, બહેલાવવાની અને બહેકાવવાની કળા છે. આ કળામાં કોંગ્રેસ કરતાં ભાજપ ઘણું આગળ નીકળી ગયું છે. જો કે એનાં સમર્થક સંઘ પરિવારનાં એકમો - વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળ પણ આ કળામાં પાછાં પડે એમ નથી. મહારાષ્ટ્રમાં શિવસેના ટોળાં ભેગા કરી ગમે ત્યારે ગમે ત્યાં ભયનું વાતાવરણ સરજી શકતી હતી. અત્યારે એના અધ્યક્ષ પોતે જ કોંગ્રેસ - એનસીપીના સમર્થનથી સત્તા પર બેઠેલા હોઈ એમનાં ટોળાં રક્ષણાત્મક બની ગયાં છે અને એમના પ્રખર વિરોધી રાજ ઠાકરોની 'મનસે' ટોળાંને બહેકાવીને ભવિષ્યમાં ભાજપ સાથે ગઠબંધન કરી સત્તાનો સ્વાદ ચાખવા ઉતાવળી બની છે. ટોળાં કયારેક રચનાત્મક અને શુદ્ધ નૈતિકતાનાં ધારાધોરણો મુજબ પણ કાર્યરત રહ્યાં છે. મહાત્મા ગાંધી કોઈ નાના ટોળાબાજ નહોતા. ટ્રેનના ત્રીજા વર્ગના ડબ્બામાં બેસીને સ્ટેશને સ્ટેશને હજારોનાં ટોળાં ભેગા કરવાની એમની કુનેહને રચનાત્મક દૃષ્ટિએ જોવાની ટેવ પડી હોવાથી આપણે ગાંધી અને મોદીને એક માળાના મણકા કહી શકતા નથી. નહીંતર ગાંધી મોદી જેવા જ કુશળ પણ હતા. એ આખી જિંદગી પોતડીભેર રહ્યા એમાં સાદગી સાથે લોકલુભાવન સાત્ત્વિક અભિનય પણ હતો જ, પરંતુ ભક્તિભાવને કારણે ભારતીય પ્રજા એ કળી નહોતી શકી. અદલ એવો જ લાભ મોદીને પણ મળી રહ્યો છે. એમની વિશ્વના સૌથી લોકપ્રિય નેતા થવાની મુરાદ ઈશ્વરે પૂરી કરી છે. હવે એમણે સર્વપ્રિય બનવા કોશિશ કરવી જોઈએ. મુસલમાનો કે ખ્રિસ્તીઓ ધિક્કારો એવી સ્થિતિ શું કામ લંબાવવી જોઈએ ? અશોકની જેમ 'પ્રિયદર્શી' બનીને પણ ૨૦૨૪ની ચૂંટણી જીતી શકાય. મોદી બાળકોને વહાલ કરે છે, અદલ ચાચા નહેરુની સ્ટાઈલમાં ; પરંતુ ખુદ એમની પાર્ટીનાં સાંસદ-ધારાસભ્ય અને મંત્રીપદાં ભોગવતાં ભલાં-ભોળાં, કોઈ કક્ષા વગરનાં 'બાળકો' એમના નામથી થરથરે છે. કોંગ્રેસમાં હવે સત્તા મેળવવાની તાકાત નથી બચી એવી આત્મપ્રતીતિ છી એમને 'વિકાસ પુરુષ' નહીં પણ 'વિનાશ પુરુષ' કહેનારા ધારાસભ્યો કેસરિયો પહેરતાં પોપટની જેમ બોલી ઊઠે છે કે તેઓ તો ઘણાં વર્ષોથી 'મોદી ભક્ત' હતા. ગુજરાતના આદિવાસી ધારાસભ્યને ભાજપ અને મોદીમાં ભવિષ્ય દેખાઈ રહ્યું છે ત્યારે મધ્યપ્રદેશમાં કહેવાતું ગૌમાંસ લઈ જઈ રહેલા વાહનને આંતરી ત્રણ આદિવાસી યુવાનોને ઢોર માર મારવામાં આવે છે. બે યુવાનો તો સ્થળ પર જ પ્રાણ છોડી દે છે, ત્રીજાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખળ કરાયેલ છે. મોદીના તમામ વિશ્વકક્ષાના 'નેતા મિત્રો' આરામથી ગૌમાંસ આરોગે છે. ભારતમાં જ ગાયને 'માતા'નું પદ મળ્યું છે અને તે પણ હિંદુ સમુદાય પૂરતું. મધ્યપ્રદેશની શિવરાજ સરકારે ગુંડાગીરી કરનારાઓનાં ઘર પર બુલડોઝર ફેરવવાનું ગૌરવ લેતી ફરે છે ત્યારે ધાર્મિક ઉન્માદમાં આદિવાસી યુવાનોને જાનથી મારી નાખનાર ટોળાને પણ ઓળખી એની વિરુદ્ધ એવાં જ કડક પગલાં ભરવાં જોઈએ. સ્થાનિક કોંગ્રેસી ધારાસભ્ય હિંદુ જ છે અને એમણે આવી માગણી કરી છે. ધાર્મિક ઉન્માદ વાળી ટોળા માનસિકતા પર સત્વરે અંકુશ મુકાય તે જરૂરી છે - પછી એ ટોળું જોધપુરનું હોય કે મધ્યપ્રદેશનું. આદિવાસી પ્રકૃતિપૂજક પ્રજા છે અને એને એની પરંપરા મુજબ જીવવાની બંધારણે પણ છૂટ આપી હોઈ એક સાથે ત્રણ ત્રણ સ્ત્રીઓ સાથે માંડવો રોપીને મંગળફેરા ફરી શકે છે. શું એ મુજબ વર્તવું યોગ્ય લેખાશે ? આદિવાસી તો આ ભૂમિના મૂળ માલિકો છે. ગૌહત્યા થઈ જ હોય તો એના માટે કાયદેસર કાર્યવાહી ના થઈ શકી હોત ?

# ઉનાળે ઊંડા જળ જાય, નદી સરોવર જળ સુકાય; પામે વનસ્પતિ સૌપાન, કેસૂડાં રૂડાં ગુણગાન

**આવ્યો આવ્યો બળ બળ થતો દેખ જોગી ઉનાળો;**
**વા વૈશાખી પ્રબળ વહતા, ઊડતી અગ્નિઝાળો.**
**ઝોળા ખાતી રસદ ફળની લૂમ, લૂ વાય ઊની;**
**પાણી ડૂક્યાં, સજળ સરિતાઓ થઈ વારિસૂની.**

**- ઉમાશંકર જોષી**

ચૈત્ર-વૈશાખના વાયરા વછૂટ્યા.... ઉનાળો પાટે બેસ્યો.... આપણા ગુજરાતી મહિનાઓ નક્ષત્રો પરથી ઓળખાયા છે... ચિત્રા નક્ષત્ર પરથી ચૈત્ર ને વિશાખા પરથી વૈશાખ...

ભગવદ્‌ગોમંડળ કહે છે, ફાગણથી જેઠ મહિના સુધીનો વખત એટલે ઉનાળો... તેની સંધિ 'ઉષ્ણ+કાળ' થાય. ઉન્હઆલઉ - અપભ્રંશ શબ્દથી જે શબ્દ પરથી જે શબ્દ આવ્યો તે આજનો આપણો ઉનાળો.

ગ્રીષ્મ - ઉનાળો એ સૂર્યની જુવાની છે. ઊગતા સૂરજની સામે ઊભા રહીને વૈદિક કવિએ વરેણ્ય ભર્ગનું ધ્યાન ધરતાં જે મંત્ર સ્ફૂર્યો તે આજેય અનેકના કંઠમાંથી પ્રાતઃકાલે ધ્વનિત થયો હોય છે. ઋગ્વેદકાલીન આ પ્રાકૃતિક દેવતા આજેય હાજરાહજૂર છે, આ ભારતભૂમિ તો કૃષિ અને ઋષિ સંસ્કૃતિની ધરોહર છે. શ્રમ અને સાધનાનો સુભગ સમન્વય છે. ઉનાળો એટલે કેરી, લીમડા, ગુલમહોર ને ગરમાળો, તરબૂચ ને ટેટી, દ્રાક્ષને ઈક્ષુ રસ, લીંબુ શરબતની મજા માણવાની ઋતુ... વૈશાખના પાવન પગલે આવે કૃષિજનોની અખાત્રીજ - અક્ષય તૃતીયા ને વૈશાખી પૂજને કોર્યું'તું બુધ્ધત્વ...!!

શિયાળામાં ગળ્યો લાગતો સૂર્ય હવે તો તીખો તમતમતો લાગવા માંડે છે. આ જ પ્રકૃતિનું રહસ્ય.... પ્રજા પ્રકૃતિનો અલખ સંદેશો ઉકેલતાં શીખે તોય ઘણું !!! ધરણીને ધખાવી સૃષ્ટિના જીવનદાતા સૂર્યદેવ વર્ષાનાં અમીછાટણાં કરી નવજીવન અર્પે છે. આમ જોઈએ તો તપ અને ભોગનું સાયુજ્ય એટલે પ્રકૃતિ. કવિવર્ય ઉમાશંકર જોષીએ સાચે જ કહ્યું છે, 'આતપના અંકુરો તડકાની તાસીરમાં સચવાયેલા છે, ઝીણી આંખે જોતાં એ તમને જરૂર માલુમ પડે.'

- પેલો ખર ભોળીયો.... કાવ્યપંક્તિ યાદ હશે... ગધેડો પણ ઉનાળામાં ગાતો રહે છે, એ ઉનાળું ઉકળાટની ક્યાંક કશે ફરિયાદ કરતો પણ નથી. ઉમાશંકરજી તો ઉનાળાને 'રાષ્ટ્રીય ઋતુ' લેખે છે. આ તો આતપ સેવનની ઋતુ... પેલો ગરમાળો ને ગુલમોર આપણને શીખવે છે ; 'ભલે આભ ઝરે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમોર,'



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

દોસ્તો, હવે તો અમે ગામઠી મટી શહેરી થયા.... આપણા દાદાઓ-દાદીઓ ઉનાળાથી આટલાં ડરતાં નહોતા.... આપણા વડવાઓએ તો તડકાના વસ્ત્રો પહેરી આયખાં પૂરાં કર્યા...

આપણે તો સિમેન્ટ કોંક્રિટના જંગલોમાં વસનારાં... ઠંડી-ગરમી આપણને ન સદે !!

દોસ્તો, નાગરી સભ્યતા વચાળે બેઠાં-બેઠાં પાંચ દાયકા પૂર્વ વતનમાં વીતાવેલાં મારાં બાળપણ અને શૈશવકાળનાં - શિયાળો, ઉનાળો અને ચોમાસું - આ ત્રણેય ઋતુઓમાંથી પસાર થયેલાં એ વર્ષો અને એની સાથે જોડોયલી કેટલીક યાદો સ્મરણ પટ પર હડિયાપટી કરવા માંડે છે. અમારું ગામડીયું લોકજીવન ત્રણેય ઋતુને અનુકૂળ થઈ પોતાની પ્રવૃત્તિમાં રત રહેતું. કાળઝાળ ઉનાળો ને લૂ દઝાડતી ધૂળની ડમરીઓ ત્રાહીમામ પોકારી દેતી.. સાવ શુષ્ક-રૂક્ષ વાતાવરણમાં કામ કરવું કોને ગમે ?! બપોરે તો ચકલુંયે ન ફરકે... ઝાડની છાંયડીમાં ખાટલા ઢાળી મીઠી નિંદર માણતા લોકો ઠેર ઠેર નજરે ચડે.

ચોમાસાનાં આરંભ પૂર્વે ઊકરડામાંથી છાણીયું ખાતર કાઢવા આવે. બળદગાડામાં બેસી ખેતરના આંટાફેરા કરવાની મજા જ મજા... પાછો લગ્નસરો જામે ત્યારે તો આનંદ સાતમા આસમાને હોય... બારેય મહિના સાવ સાદું ભોજન જ હોય... વાર - તહેવાર કે કોઈ પરોણો આવો તો દાળ-ભાત ને કંસાર-લાપસીનાં આંધણ મુકાય... એટલે લગનમાં દાળ-ભાત મસાલેધાર જમણ ને મીઠાં પકવાન પંગતમાં બેસીને જમવાનાં ને પીરસવાનો પણ અદકો આનંદ... ઉનાળું વેકેશન એટલે સાવ નચિંત... આઝાદ... વડીલો ખેતી કામમાં પણ જોતરી દે... રાત્રે નાટકમંડળી, ભવાઈ વેશ કે ભજન કીર્તનનો જામો પડી જતો... એથીયે ખાસ તો ખેતરના દેશી આંબા બેડાયને આખો મહિનો રસની ઋતુ... કેરીઓની જયાફત હોય... એકવાર ખુલ્લા પગે ખરે બપોરે ચાલવાનું થયેલું પગરખાં ને બદલે ખાખરાનાં પાન વીંટાળેલાં... પગ દાઝે એટલે ઢોરના તાજા પોદળામાં પગ મૂકી દઈએ... 'સૂગ એ સૌંદર્ય વસ્તુગત નથી ભાવનાગત છે.' - કાકા સાહેબના 'મધ્યાહનનું કાવ્ય' ભણાવતાં આ અનુભવ તાજો થઈ જતો...

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય દાયણ દિવસ
- ગુરુ અમરદાસની જન્મજયંતિ, ત્રીજા શીખ ગુરુ.

### આજનું ઔષધ

- ચામડી પર એલર્જીના ચકામા થતા હોય તો મૂળાના પાનનો રસ પીવો અને મુળાનો કાંદો ખાવો.

### ખડખડાટ

- ટીચર : કલાસમાં જાગૃતિ લાવવા માટે શું કરવું જોઈએ ?
ભૂરો : ટીચર, મગન કાકા સાથે વાત કરવી પડે.
ટીચર : મગન કાકા કોણ છે ?
ભૂરો : જાગતિના પપ્પા....

### આજનો વોટ્સએપ

- જિંદગીનો આખો પ્રોગ્રામ અગાઉથી જ સેટ થઈ ગયું છે. આપણે તો ફક્ત આપણું બેસ્ટ પરફોર્મન્સ આપવાનું હોય છે.

# મેં માણેલી મ્યુઝિક કોન્સર્ટ

કહેવાય છે કે આ જગતમાં ચોસઠ કળાઓ છે. અને હું જાણું છું કે એમાંની એકે ય મને વરેલી નથી! મારું વરણ મારી પત્નીએ કર્યું એ પણ એનું આંધળુકિયું સાહસ જ હતું જેનાં અંધારામાં એ આજ દિન સુધી આથડયા કરે છે! એ પછી નારીજાતિની કોઈ વસ્તુ કે વ્યક્તિ મને વરી નથી! અને ''કળા'' નારીજાતિવાચક શબ્દ હોવાથી કાયમ મારાથી અળગી રહી છે!

પણ એટલે કઈ કળાઓ પ્રત્યેનો મારો પ્રેમ ઓછો નથી થયો! નાનપણથી મને એમ કે સાલું, આપણે કલાકાર તો કહેવડાવવા જોઈએ! ગમે તે એક કળાનું જ્ઞાન તો આપણને હોવું જોઈએ. સામાન્ય જિંદગી જીવવી આમે ય પહેલેથી મને ગમે નહીં!

એમાં ય સંગીત માટે મને દિલથી લગાવ. અવાજ પણ મારો બુલંદ! મા કહેતી કે નાનપણમાં હું બહુ મોટેથી ભેંકડા તાણતો! મોટો થયા પછી પત્ની અને બાળકો કહે છે કે બહુ બૂમાબૂમ કરો છો! પણ મેં એના ઉપરથી એમ તારણ કાઢ્યું કે મારી ''રેન્જ'' સુખવિન્દરસિંઘ જેટલી છે! આમે ય આપણે પહેલેથી જ હકારાત્મક અભિગમવાળા માણસ! નબળી વાત આપણને ગમે નહીં!

જો કે સંગીતને મારા પ્રત્યે લગાવ નહીં હોવાને લીધે કંઠ્ય કે વાદ્ય- બેમાંથી એકેયે મને એને લાયક નથી ગણ્યો!

એમાં એક સાંજે અમારી ઓફિસના સહકર્મચારી વ્યાસસાહેબનો ફોન આવ્યો, ''બૂચસાહેબ, એક શાસ્ત્રીય સંગીતનો જલસો આજ રાત્રે ટાઉન-હૉલમાં થવાનો છે. છે વિચાર?''

હવે મારાથી એમ તો કહેવાય નહીં કે બૂચસાહેબને તો સુગમ સંગીતમાં પણ ખબર નથી પડતી ત્યાં શાસ્ત્રીય સંગીતનો તો ક્યાં સવાલ જ છે! એટલે મેં મોળી મજાક કરી, ''એટલે આપણે એમાં ગાવા જવાનું છે?'' વ્યાસસાહેબ હસી પડ્યા, ''શું યાર, બૂચસાહેબ, તમે ય ........અરે, આ તો મારી પાસે બે પાસ આવ્યા છે. મારાં પત્નીને આમાં બહુ ખબર ન પડે. એટલે મને થયું કે તમને કહું. આમેય તમને સંગીતનું જ્ઞાન છે અને મને પણ કંપની રહેશે.''

મને કહેવાનું મન થઈ આવ્યું, ''વ્યાસસાહેબ, તમારાં પત્ની કેટલાં ભાગ્યશાળી છે કે એમને સંગીતની જાણકારી નથી એમ કહી તો શકે છે! મને સંગીત ગમે છે એનો મતલબ મને એમાં ખબર પડે છે એવો થોડો થાય છે?'' પણ મેં એમનું આમંત્રણ સહર્ષ સ્વીકારી લીધું. અને અમે રાત્રે ટાઉન-હૉલ પહોંચ્યા.

કોન્સર્ટ હજુ શરૂ થઈ ન હતી. બહાર લોકો ઊભા હતા. એમાં એક કફનીધારી મહાશય આવ્યા. એમને જોતાં ઘણાં લોકો એમને મળવા દોડી ગયાં. મેં વ્યાસસાહેબને કહ્યું, ''આમાં સામાજિક કાર્યકર્તાઓને પણ બોલાવ્યા લાગે છે!''

એ મારું ભોળપણ હતું કે અજ્ઞાન- એ વ્યાસસાહેબ નક્કી ન કરી શક્યા! ધીમેકથી એટલું જ બોલ્યા, ''આ જ તો મુખ્ય ગાયક છે! બહુ જાણીતી હસ્તી છે.'' હું છોભીલું હસ્યો.

મિજલસ શરૂ થઈ. ગાયક અને વાદ્યો વગાડનારાઓ સ્ટેજ ઉપર ગોઠવાઈ ગયા. અમે પણ અમારી જગ્યા લઈ લીધી હતી. હું વ્યાસસાહેબ આગળ મારું અજ્ઞાન વધારે છતું ન થાય એના પ્રયત્નોમાં હતો.

સ્ટેજ ઉપરથી સંગીતની સરવાણીઓ વહેવાની શરૂ થઈ. એક-બે મિનિટ પછી મને થયું કે સુજ્ઞ શ્રોતાજન તરીકેનું પ્રથમ શ્રેય હું લઉં! એટલે મેં મોટેથી કહ્યું, ''વાહ ઉસ્તાદ વાહ!'' આજુ-બાજુના શ્રોતાઓ મારી સામે જોવા લાગ્યા. મેં ગૌરવાન્વિત ચહેરે વ્યાસસાહેબ સામે જોયું. પણ એમના હાવ-ભાવ જોઈને મારો ''મૂડ'' મરી ગયો! ઊતરેલા ચહેરે એ એટલું બોલ્યા, ''હજી તો પંડિતજી સુર મેળવી રહ્યા છે!'' મેં લૂલી દલીલ કરી, ''તે આટલા મોટા સંગીતના જાણકારો અને સુર મેળવવામાં આટલી બધી વાર?'' એમણે જવાબ ન આપ્યો.



**સ-રસ**
**મમતા બુચ**

મને સ્વયં માટે બહુ ખરાબ લાગી રહ્યું હતું! હવે મેં ચૂપ રહેવાનું જ મુનાસિબ માન્યું. થોડી વાર પછી પંડિતજીનું ગાયન સાંભળીને અન્ય શ્રોતાઓ આફરીન પોકારી ચૂક્યા. પણ આપણા રામ અગાઉના કડવા અનુભવને લઈને શાંત જ બેઠા રહ્યા! વ્યાસસાહેબનું મોં બગડયું, ''તમે, બૂચસાહેબ, આમ બેસી રહેવા આવ્યા છો? દાદ તો આપો!'' એટલે મેં છેલ્લે-છેલ્લે દાદ આપી! જો કે મને કહેવાનું મન તો થઈ આવ્યું હતું કે પંડિતજીએ કહેવું તો જોઈએ ને કે ક્યારે એમણે સૂર મેળવી લીધા અને ક્યારે એક્ચ્યુયલ ગાયન ચાલુ કર્યું!

પંડિતજી ક્યારના ય એક જ પંક્તિ લલકારી રહ્યા હતા, ''જોગન બન જા.....''. થોડી વાર પછી મારાથી રહેવાયું નહીં! મેં વ્યાસસાહેબને કોણી મારી ધીમેકથી કહ્યું, ''પંડિતજી આગળનું ભૂલી ગયા લાગે છે!'' પણ વ્યાસસાહેબે હવે મને જવાબ આપવાનું છોડી દીધું હતું! મને અકળામણ થવા લાગી! મને થયું કે હું પંડિતજીને મોટેથી કહું કે હવે એ જોગન નહીં બને તો હું બની જઈશ પણ તમે આનાથી આગળ વધો!

માંડ-માંડ મેં સંયમ જાળવ્યો. પણ મારા માટે એ અઢી કલાક, તરતાં ન આવડતું હોય અને દરિયામાં ધૂબાકો માર્યો હોય અને જેવા બહાર નીકળવાના ફાંફા મારવામાં આવતા હોય, એવા હતા!

કોન્સર્ટ એના અંતિમ ચરણ તરફ વધી રહી હતી. એવામાં કોઈક બોલ્યું, ''હવે ભૈરવી આવશે.'' મને થયું, હાશ..ચાલો, કોઈક બેન આવશે તો કંઈક તો નવીનતા લાગશે! પણ મારા એકીટશે કરેલા ઈંતેજાર છતાં ક્યાંય સુધી કોઈ બેન સ્ટેજ ઉપર દેખાયાં જ નહીં! કાર્યક્રમના સમાપનની જાહેરાત થઈ અને શ્રોતાઓ ''વાહ, વાહ'' કહેતાં ઊઠ્યા એટલે મેં વ્યાસસાહેબને પૂછ્યું, ''આ ભૈરવીબેન કેમ ન દેખાયાં?'' વ્યાસસાહેબે હવે મારા જ્ઞાનમાંથી વિશ્વાસ ગુમાવી જ દીધો હતો એટલે નિર્લેપભાવે એમણે જવાબ આપ્યો, ''કોણ ભૈરવીબેન? આ બધા તો રાગ ભૈરવીની વાત કરતા હતા જે સંગીતની મહેફિલના સમાપનમાં ગાવામાં આવે છે!'' આજુ-બાજુમાં હસાહસ થઈ ગઈ!

સરવાળે મેં સંગીતની મિજલસ માણી એના કરતાં મારા અજ્ઞાનને બીજાઓએ વધુ માણ્યું હતું! અમે ચૂપચાપ પાછાં ફર્યા. રસ્તામાં વ્યાસસાહેબ એમનાથી કંઈ બોલાય ન જાય એના પ્રયત્નોમાં રહ્યા!

મેં સાંભળ્યુ કે એ દિવસ પછી વ્યાસસાહેબે અનેક વાર શાસ્ત્રીય સંગીતના કોન્સર્ટના એક્સ્ટ્રા પાસ ઘરે મૂકી રાખ્યા હતા પણ કોઈ ''અનાડી'' શ્રોતાજનને નહોતા આપ્યા!

# તકલીફ તો રહેવાની જીવનના સફરમાં, ચાલતાં રહીયે ખુશીઓની તલાશમાં

કેટલાક માણસોને જ્યારે જુઓ ત્યારે ફરિયાદ જ કરતાં હોય. દુનિયાભરના દુઃખ જાણે એમના એકલાને માથે જ તૂટી પડ્યા હોય. એમને પાછું બીજા સુખી માણસોને જોઈને એવું લાગે કે એ બધાએ ચિટિંગ કરીને એમના નસીબનું સુખ પડાવી લીધું છે.

એક વાર એવું થયું કે દુનિયાની સજીવ નિર્જીવ દરેક વસ્તું વાતો કરવા લાગી. પશુ, પંખી, પથ્થર અરે હવા અને વાદળો પણ આપસમાં વાતો કરવાં લાગ્યાં. એક માણસ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો ત્યાં એણે અચાનક રસ્તાની એક બાજુએ પડેલા બે પથ્થરોને એકબીજા સાથે વાતો કરતાં સાંભળ્યા. ગોળ મટોળ અને એક મોટા તરબુજ જેવડા એ પથ્થરો એકમેક સાથે સુંદર ચર્ચા કરી રહ્યાં હતાં.

એ માણસ આ લોકોની વાતો સાંભળવા થોડીક વાર ત્યાં જ ઊભો રહી ગયો અને પછી મનમાં કંઈક નક્કી કરી તે એ પથ્થરો પાસે ગયો અને કહ્યું, ''તમે લોકો કેટલી સુંદર ચર્ચા કરી રહ્યા હતા તમે બુદ્ધિશાળી છો અને ખૂબ સુંદર પણ .'

એ માણસની વાત સાંભળી બંને પથ્થર હસી પડ્યા અને પછી એમાંનો એક રગડતો, રગડતો થોડેક આગળ નીકળી ગયો. એ માણસે જે પથ્થર હજી ત્યાં પડ્યો હતો એને પૂછ્યું, ''તું હા કહે તો હું તારી ઉપર થોડું કામ કરી તને સુંદર આકાર આપુ. 'તરત જ એ પથ્થર કહે, ''ના બાબા ના. તું મને આકાર આપે એટલે મારે છોલાવું પડે, દર્દ સહન કરવું પડે અને મારે સુંદર આકારનું શું કામ છે? હું જેવો છું એવો જ બરાબર છું.'

હવે માણસે પેલા બીજા પથ્થર પાસે જઈને આ જ વાત પૂછી. એ પથ્થર પાછો થોડું રગડ્યો અને એ માણસના પગ પાસે આવી કહે, ''હું તૈયાર છું, લો આપો આકાર." માણસ ખુશ થઈ ગયો છતાં પાક્કી ખાતરી કરવા કહ્યું, ''જો દોસ્ત એ કામ કરતી વખતે મારે તારા પર હથોડીના ઘા કરવા પડશે, તને થોડો થોડો ખોતરવો પડશે અને આ બધું કરતાં તને થોડી તકલીફ થશે.' પથ્થર કહે, ''કશો વાંધો નહીં. આ રગડવામાંય મને તકલીફ પડે જ છે પણ એમ કરતાં જે મજા આવે છે એની આગળ તકલીફ ગૌણ બની જાય છે. તું મને કોઈ એવો આકાર આપ જેનાથી હું દૂર દૂર ભ્રમણ કરી શકું, બહુ બધા લોકોને જોઈ શકું, નવા નવા અનુભવ લઈ શકું.' એ માણસે હા કહી અને પછી એ પથ્થરને ઉઠાવી લીધો.

થોડા મહિના બાદ એ પથ્થરનું સ્વરૂપ આખું બદલાઈ ગયું. માણસે એનો ગોળ આકાર જોઈ એમાંથી ગણેશજીની મૂર્તિ ઘડી અને એ મૂર્તિ એક રાજાને ભેંટ આપી. રાજા એ સુંદર મૂર્તિ જોઈ અત્યંત પ્રસન્ન થયો, એણે માણસને ઈનામ આપ્યું અને ગણેશજીને રાજભવનના મંદિરમાં સ્થાન આપ્યું. ત્યાં મહેલમાં જે આવે તે આ ગણેશજીને જોઈ ખુશ થઈ જતું. મોહક સ્મિત સાથેની એ પ્રતિમાના વખાણ થવા લાગ્યા અને છેવટે રાજાએ નગરની વચોવચ એક મોટું મંદિર નિર્માણ કરાવી ગણેશજીને ત્યાં બેસાડ્યા જેથી વધારેમાં વધારે લોકો એમના દર્શનનો લાભ લઈ શકે.

હવે થયું એવું કે મંદિર હોય એટલે ત્યાં ભક્તો ખાલી હાથ ના આવે. લોકો શ્રીફળ અને બીજા ફળફૂલ લઈને આવતા ત્યારે શ્રીફળ વધેરવા એક પથ્થર મૂક્યો હોય તો સારું એવું કેટલાક ભક્તોને લાગ્યું. એમણે આટલા સુંદર ગણેશજી આગળ શોભે એવા એમના જેવા જ સુંદર પથ્થરની તપાસ આદરી. નિયતિનું કરવું અને એ લોકોની નજરે રસ્તામાં પડેલો પેલો પહેલો પથ્થર ચડી ગયો. એ જ પથ્થર જેણે માણસના હાથે ઘડાવાની ના કહી હતી. અહીંયા કોઈ એની હા, ના સાંભળે એવું ન હતું. એ લોકો એ પથ્થરને ઉઠાવી ગયા, એને ઘસી ઘસીને સાફ કર્યો અને ગણેશજીની આગળ મૂક્યો.

ગણેશજીની પ્રતિમામાં રહેલો પથ્થર પોતાના મિત્ર પથ્થરને તરત ઓળખી ગયો અને એણે એનું સ્વાગત કર્યું. પેલો પથ્થર તો પોતાના મિત્રની આવી ખાતિરદારી થતી જોઈ છક્ક થઈ ગયો. એ કંઈ વાત કરવા જતો હતો ત્યાં જ કોઈએ એના પર એક શ્રીફળ વધેર્યું. બિચારો પથ્થર, એના મોંઢામાંથી એક ચીસ નીકળી ગઈ. એ જરાક ઠીક થયો અને ફરી કંઈક કહેવા ગયો ત્યાં એના માથે બીજું શ્રીફળ વધેરાયું, પછી તો ત્રીજું, ચોથું...



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

છેક રાત પડી ત્યારે પેલા પથ્થરને કળ વળી. એણે પોતાના મિત્ર પથ્થર તરફ જોઈ તિરસ્કારથી કહ્યું, ''તું તે કેવો મિત્ર છે? આ લોકો મારા પર આટલો જુલમ કરી રહેલા અને તું એક શબ્દ બોલ્યો નહીં. તે એ લોકોને રોક્યા કેમ નહીં?'

''ઓહ તને દર્દ થતું હતું? મને તો એમ કે એ નારિયેળ વધેરાતા તારા ઉપર એના મીઠા રસના જે અમીછાંટણા પડી રહેલા એનાથી તું ખુશ થતો હોઈશ. જરાક વિચાર કર આપણા જેવા પથ્થરને ત્યાં ધૂળમાં પડ્યા પડ્યા નારિયેળ પાણી ક્યાં ચાખવા મળત?'

''તું મિત્ર કહેવાને લાયક નથી. મારી હાલત જોઈ મારા પર દયા કરવાને બદલે તું મને જ્ઞાન આપે છે? તું કદાચ ભૂલી ગયો લાગે છે કે આપણે બંને એક જ પર્વતમાંથી છૂટા પડેલા એક સમાન પથ્થર છીએ. ઓહ, પણ હવે મને સમજાય છે, તું ત્યાં બેઠો બેઠો કેવું જલસાથી જીવી રહ્યો છે એ જોઈ મને બાળવા માટે તે જ એ લોકોને કહીને મને અહીં તેડાવ્યો, હેં ને?'

ગણેશજીની પ્રતિમા હસી પડી અને કહ્યું, ''તું અને હું બંને એક સમાન છીએ, એક જ જગ્યાએથી આવેલા છીએ એ બધું બરાબર અને છતાં આપણી વચ્ચે એક ફરક છે. મેં જીવનમાં આવતી તકલીફોનો સામનો કર્યો અને ઘડાયો. એ સમગ્ર પ્રક્રિયા દરમિયાન હું દિવસે દિવસે નમ્ર થતો ગયો. આજે તું જે જોઈ રહ્યો છે ત્યાં સુધી પહોંચવા માટે મારે કેટલા ઘસાવું પડ્યું એ તને નહીં સમજાય. તું હંમેશા સાહસ કરવાથી ડરતો રહ્યો, સહેજ તકલીફ વેઠવાથી બચતો રહ્યો અને એટલે જ આજની તારી હાલત તને કઠે છે. મેં તો તને મારો ભાઈ માન્યો છે અને એટલે જ કહું છું જે તકલીફ પડી રહી છે એનો હસતા મુખે સામનો કર. ભક્તો તારા પર શ્રીફળ વધેરે તો એમને આશિષ વચનો કહે, શી ખબર એમાનું કોઈ તારાથી પ્રભાવિત થાય અને તને આ દુઃખમાંથી મુક્તિ અપાવે.'

જે લોકોને આરામથી બેસી રહેવું છે, પોતાની જાતને સહેજ પણ કષ્ટ નથી આપવું એ છેલ્લે બીજું કંઈ શીખે ના શીખે ફરિયાદ કરવામાં પાવરધા થઈ જાય છે. જેને ઉપર ઉઠવું જ છે એને કોઈ અડચણ નથી નડતી. ગમેતેવી પરિસ્થિતિમાં પણ એ એમનો રસ્તો શોધી જ લેવાના.

**અમસ્તું,**

જીવનમાં ઘસાવું પડે ત્યારે સમજી લેજો કે નિયતિ તમને નવો આકાર આપવા ઈચ્છે છે.

@KapadiaNiyati